Item No: 11.4 & 11.5

જમીન રેકર્ડ શાખા

તા.૧૫/૬/૧૭

નોંધઃ-

વિષયઃ- નિયામક મંડળની તા.૨૦-૦૫-૨૦૧૭ના રોજ બેઠકમાં રજુ કરાયે મુદા.નં.૧૧.૪ અને ૧૧.૫ બાબતે.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, નિયામક મંડળની તા.૨૦-૦૫-૨૦૧૭ના રોજ બેઠકમાં મુદા.નં. ૧૧.૪ સી.આઇ.ડી.આઇ.બી પોલીસ સ્ટેશન વિધાડેરી રોડ ક્રોસ કરી ખેડુત તાલીમ ભવનની બાજુમાં થઇ દાંડીમાર્ગ સુધી ૩૦ મીટરનો રોડ બનાવવા અંગે તથા મુદા.નં. ૧૧.૫ એગ્રીકલ્ચર ઇન્ફર્મેશન ટેકનોલોજી સેન્ટર, આ.કૃ.યુ.ની બીલ્ડીંગ (એટીક)નો બોરસદ ચોકડી બાજુવાળી દિવાલ તરફ આવેલ રોડ પહોળો કરી અડચણ દૂર કરવા બાબત રજુ કરવામા આવતા નિયામક મંડળે ઠરાવ્યા મુજબ રાજય સરકારશ્રીની મંજુરી મેળવવાની શરતે નિયામક મંડળે સંમતિ આપેલ હોઇ બંને મુદાઓ રાજય સરકારની મંજુરી મેળવવા અનુક્રમે(૧) અત્રેની કચેરીના પત્ર જા.નં. આકૃયુ/રજી/જમીન રેકર્ડ/૨૮૯-૯૧, તા.૦૮-૦૬-૨૦૧૭ (૨) અત્રેની કચેરીના પત્ર જા.નં. આકૃયુ/રજી/જમીન રેકર્ડ/૨૯૨-૯૪, તા.૦૮-૦૬-૨૦૧૭ દરખાસ્ત કરેલ છે. જે જાણ સારૂ.

મદદનીશ કુલ સચિવ(વહીવટ)

પ્રતિ,

આ કચેરીની એકેડેમીક શાખા તરફ.

No. AAU/Reg/CC-2/323/2017

Date: 16-6-2017

૨૯-૨
૨૬/૬/૧૭

આણંદ કૃષિ યુનિવર્સિટી,

આણંદ

કુલસચિવ

ડૉ.એમ.એન.બ્રહ્મભટ

Phone/Fax No.(O) +91-2692-261310

E-mail: registrar@aau.in

જા.નં.આકૃયુ/રજી/જમીનરેકર્ડ/૨૮૯-૯૨ તા. ૦૧-૬-૨૦૧૭

પ્રતિ,
સંયુકત સચિવશ્રી(કૃષિ યુનિ.),
કૃષિ સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ,
નવા સચિવાલય, બ્લોક નં.૫
ગાંધીનગર.

વિષયઃ- સી.આઇ.ડી.આઇ.બી પોલીસ સ્ટેશન વિધાડેરી રોડ ક્રોસ કરી ખેડુત તાલીમ ભવનની બાજુમાં થઇ દાંડીમાર્ગ સુધી ૩૦ મીટરનો રોડ બનાવવા અંગે.

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ચેરમેનશ્રી, આણંદ-વલ્લભ વિધાનગર-કરમસદ શહેરી વિકાસ સત્તા મંડળ અને કલેકટર, આણંદે તા.૨૭/૦૨/૨૦૧૭ના પત્ર થી આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની જમીનમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડના ગેટની સામે ખેતીવાડી કેમ્પસમાં થઇ સી.આઇ.ડી.બી.આઇ પોલીસ સ્ટેશન, વિધાડેરી રોડ ક્રોસ કરી ખેડૂત તાલીમ ભવનની બાજુમાં થઇ દાંડીમાર્ગ સુધી ૩૦ મીટર રોડ બનાવવાના કામે સંમતિ માંગેલ છે.( પત્રની નકલ સામેલ)

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની ૩૨૧૦.૦૦ ચો.મી. જમીન આણંદ-વલ્લભ વિધાનગર-કરમસદ શહેરી વિકાસ સત્તા મંડળમાં જતી હોઇ આ અંગે આણંદ કૃષિ યુનિવર્સિટીની તા.૨૦-૦૫-૨૦૧૭ના રોજ ગાંધીનગર ખાતે મળેલ નિયામક મંડળની ૧૧મી બેઠકની કાર્યનોંધના મુદા નં. ૧૧.૪થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, પોલીસ પરેડ ગ્રાઉન્ડના ગેટની સામે ખેતીવાડી કેમ્પસમાં થઇ સી.આઇ.ડી.આઇ.બી પોલીસ સ્ટેશન વિધાડેરી રોડ ક્રોસ કરી આણંદ કૃષિ યુનિવર્સિટીના ખેડુત તાલીમ ભવનની બાજુમાં થઇ દાંડીમાર્ગ સુધી ૧૦ મીટરનો રોડ બનાવવા માટે યુનિવર્સિટીની ૩૨૧૦.૦૦ ચોરસ મીટર જમીન(નકશામાં દર્શાવ્યા મુજબ) કપાતમાં જાય છે તેને જાહેર હિતમાં રોડ બનાવવા માટે ચેરમેન, આણંદ-વલ્લભ-વિધાનગર-કરમસદ- શહેરી વિકાસ સત્તા મંડળ અને કલેકટર આણંદને સોંપવા માટે નિયામક મંડળ સહમતી આપે છે. સદરહું જમીન સોંપવા સબબ રાજય સરકારને દરખાસ્ત કરી મંજુરી મેળવવાની શરતે નિયામક મંડળ સંમતી આપે છે. વધુમાં સદરહું જમીન સોંપ્તા હયાત દિવાલ ઉપરોકત શહેરી વિકાસ સત્તા મંડળે પુનઃસ્થાપિત કરી આપવાની રહેશે.(નકલ સામેલ)

(પાછળ)

આમ નિયામક મંડળે ઠરાવ્યા મુજબ આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની ૩૨૧૦.૦૦ ચો.મી જમીન આણંદ-વલ્લભ-વિધાનગર-કરમસદ- શહેરી વિકાસ સત્તા મંડળ અને કલેકટર આણંદને સોંપવા માટે મંજુરી આપવા વિનંતી છે.

સામેલઃ- ઉપર મુજબ

કુલસચિવ

<u>નકલ સવિનય રવાનાઃ-</u>

(૧)ચેરમેનશ્રી, આણંદ-વલ્લભ-વિધાનગર-કરમસદ- શહેરી વિકાસ સત્તા મંડળ અને કલેકટરશ્રી, જુની પ્રાંત કચેરી, અમુલ ડેરી રોડ, આણંદ તરફ જાણ સારૂ.

(૨) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ. આણંદ તરફ જાણ સારૂ.

આણંદ કૃષિ યુનિવર્સિટી,

આણંદ

કુલસચિવ
ડૉ.એમ.એન.બ્રહ્મભટ
Phone/Fax No.(O) +91-2692-261310
E-mail: registrar@aau.in

જા.નં.આકૃયુ/રજી/જમીનરેકર્ડ/૨૯૮૨-૯૬ તા. ૦૨-૬-૨૦૧૭

પ્રતિ,
સંયુકત સચિવશ્રી(કૃષિ યુનિ.),
કૃષિ સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ,
નવા સચિવાલય, બ્લોક નં.૫
ગાંધીનગર.

વિષયઃ- એગ્રીકલ્ચર ઇન્ફર્મેશન ટેકનોલોજી સેન્ટર, આ.કૃ.યુ.ની બીલ્ડીંગ (એટીક)નો બોરસદ ચોકડી બાજુવાળી દિવાલ તરફ આવેલ રોડ પહોળો કરી અડચણ દૂર કરવા બાબત.

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ચેરમેનશ્રી, આણંદ-વલ્લભ વિધાનગર-કરમસદ શહેરી વિકાસ સત્તા મંડળ અને કલેકટર, આણંદે તા.૦૬/૦૩/૨૦૧૭ના પત્ર થી આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના એગ્રીકલ્ચર ઇન્ફોર્મેટીક ટેકનોલોજી સેન્ટર, આ.કૃ.યુ.ની બીલ્ડીંગ(એટીક)સ.નં. ૧૩૨૭ પૈકી (આણંદ તજજ્ઞ કેન્દ્ર બોરસદ ચોકડી) બાજુવાળી દિવાલ તરફ આવેલ રોડ પહોળો કરી અડચણ દૂર કરવા સંમતિ માંગેલ છે.(નકલ સામેલ) સદરહું સવાલવાળી ૫૪ ચો.મી જમીન કપાતમાં જાય છે.

સદરહું જમીન આણંદ-વલ્લભ વિધાનગર-કરમસદ શહેરી વિકાસ સત્તા મંડળમાં જતી હોઇ આ અંગે આણંદ કૃષિ યુનિવર્સિટીની તા.૨૦-૦૫-૨૦૧૭ના રોજ ગાંધીનગર ખાતે મળેલ નિયામક મંડળની ૧૧મી બેઠકની કાર્યનોંધના મુદા.નં.૧૧.૫થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, આણંદ સ.નં. ૧૩૨૭ પૈકી (આણંદ કૃષિ તજજ્ઞ કેન્દ્ર) નો બોરસદ ચોકડી બાજુવાળી દિવાલ તરફનો રોડ પહોળો કરવા માટે યુનિવર્સિટીની ૫૪ ચો.મી. જમીન કપાતમાં જાય છે તેને જાહેર હિતમાં રોડ બનાવવા માટે ચેરમેન, આણંદ-વલ્લભ-વિધાનગર-કરમસદ- શહેરી વિકાસ સત્તા મંડળ અને કલેકટર આણંદને સોંપવા માટે નિયામક મંડળ સહમતી આપે છે. સદરહું જમીન સોંપવા સબબ રાજય સરકારને દરખાસ્ત કરી મંજુરી મેળવવાની શરતે નિયામક મંડળ સંમતી આપે છે. વધુમાં સદરહું જમીન સોંપતા હયાત દિવાલ તથા દરવાજો વગેરે ઉપરોકત શહેરી વિકાસ સત્તા મંડળે પુનઃસ્થાપિત કરી આપવાની રહેશે.(નકલ સામેલ)

આમ નિયામક મંડળે ઠરાવ્યા મુજબ સ.નં. ૧૩૨૭ પૈકી (આણંદ કૃષિ તજજ્ઞ કેન્દ્રનો બોરસદ ચોકડી બાજુવાળી દિવાલ તરફ આવેલ રોડ પહોળો કરી સવાલવાળી ૫૪ ચો.મી. જમીન આણંદ-વલ્લભ વિધાનગર-કરમસદ શહેરી વિકાસ સત્તા મંડળ અને કલેકટર, આણંદને સોંપવા માટે મંજુરી આપવા વિનંતી છે.

સામેલઃ- ઉપર મુજબ

કુલસચિવ

<u>નકલ સવિનય રવાનાઃ-</u>

(૧)ચેરમેનશ્રી, આણંદ-વલ્લભ-વિધાનગર-કરમસદ- શહેરી વિકાસ સત્તા મંડળ અને કલેકટરશ્રી, જુની પ્રાંત કચેરી, અમુલ ડેરી રોડ, આણંદ તરફ જાણ સારૂ.

(૨) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ. આણંદ તરફ જાણ સારૂ.